

"સચ્ચિદાનંદ પ્રભુ પરમ કૃપાળુ પરમેશ્વર તમે
દિન દયાળુ વિશ્વંભર ઓમ ઓમ ઓમ"

આપણાં પૂ. બાપુએ આપેલ આ મંત્ર ઉચ્ચારણ કરતાં રોમ રોમ પુલકિત થઇ ઉઠે છે. આ મંત્ર જેવા જ દિવ્ય આપણાં બાપુ વિશે થોડુંક જાણીએ -

પૂ. બાપુનો જન્મ કુણવદરમાં ૧૯૨૦માં ૭ સુદ પોષ માસમાં થયો હતો. પિતાનું નામ હરિદાસજી અને માતાનું નામ લાછબાઇ હતું. એક પુત્ર હતો અને બીજા પુત્રનો જન્મ થયો. દાયણે વધાઇ આપી કે ઋષિ જેવો પુત્ર જન્મયો છે ત્યારે પિતાનાં મનમાં વિચારો નૃત્ય કરવા લાગ્યા - હું આ દીકરાને ગોર મહારાજ બનાવીશ. રાણા સાહેબનો ગોર બનાવીશ. દેશ અને દુનિયા પગે લાગશે. અને એવા દિવા સ્વપ્ન જોવા લાગ્યા. હજી પુત્રનું મોઢું તો જોયું જ નથી પણ કલ્પનાની પાંખે વિહરવા લાગ્યા. જયારે પુત્રને તેમની સામે લાવવામાં આવ્યો ત્યારે તેમનાં મુખથી અચાનક આ શબ્દો સરી પડયા, "વાહ ત્રિકમજી વાહ" શ્રી દ્વારકાનાથને એમણે સ્મર્યા ત્રિકમજીના સ્વરૂપે અને બાળકનું નામ પડી ગયું ત્રિકમજી. કેટલું વિલક્ષણ નામ ! નામમાં કેટલો પ્રભાવ હોય છે ?

નામ પ્રમાણે જ વિલક્ષણ ગુણ ધરાવતા ત્રિકમજીને પાઠશાળામાં અભ્યાસ કરવા માટે મૂકવામાં આવ્યા ત્યારે પાટીમાં માત્ર મીંડા જ કરે. મીંડા મીંડાને મીંડા જ કરે. આગળ લખે જ નહીં. કહે કે આ મનખા દેહ મીંડા જેવો જ છે. પિતાને થયું ભણતો નથી. કામે લગાડી દો.

એક દિવસ ત્રિકમજીને બળદ ચારવા મોકલ્યા. બળદ ચરતા રહે અને ત્રિકમજી આકાશ સામે જોઇને કાંઇ કાંઇ વિચારોમાં વિહરવા લાગે. કોઇ માણસે એમ કહ્યું કે, ''તારા બળદ તો ખેતરમાં ચાલ્યા જાય છે'' પણ ત્રિકમજી તો સતત ચિંતનમાં ડૂબેલા જ રહેતા અને જવાબ આપતા કે, ''તમો એની ચિંતા ન કરો બળદ પાછા આવી જશે.'' પેલા માણસને અપમાન લાગ્યું અને ત્રિકમજીના પિતાને ફરિયાદ કરી કે તમારા ત્રિકમજીએ મારું અપમાન કર્યું કોઇ વાત કે શીખામણ સાંભળવા તૈયાર નથી.



ત્રિકમજીનાં પિતાને ખૂબ જ ગુસ્સો આવ્યો અને પરોણો હાથમાં લઇ નકકી જ કર્યું કે, સોટીથી ઝૂડી નાખવો. પણ જયાં ત્રિકમજી પાસે આવીને જુએ છે - ત્રિકમજીનાં મુખ પરની લાલી, તેજ, દિવ્યતા, તેના આ ઝૂડી નાંખવાના નિર્ણયને પીગળાવી ગઇ.

મોટા થવા છતાં ત્રિકમજીનાં વર્તનમાં કાંઇ સુધારો ન થયો. એજ નિષ્ફિકર જીવન, ચિંતન, મનન સતત ચાલુ રહ્યું. તેમના પિતાથી એક વાર ગુસ્સામાં બોલાઇ ગયું, ''જા ભાગી જા'' અને ખરેખર ત્રિકમજી ઘરમાંથીભાગી ગયા. પછી તો પસ્તાવાનો પાર નહીં. પોરબંદર, ખેપિયા દોડાવ્યા પણ કયાંય પત્તો ન લાગ્યો, ચારે બાજુ તપાસ કરી પણ ત્રિકમજી ન મલ્યા. માતા આક્રંદ કરે છે કે જો દિકરાને પરણાવી દીધો હોત તો વીસનોરીને છોડીને કયાંય જાત નહીં.

બે - ત્રણ  મહિના પછી પત્ર આવ્યો પણ પત્ર કોઇ બીજાનો લખેલ હતો. ગામમાંથી યાત્રા માટે સંઘ ગયેલ હતો તેમાંથી કોઇ વ્યકિતએ લખ્યો હતો - પત્રમાં લખેલું હતું કે, ''અમો દેવદર્શન કરીએ છીએ, શ્રીયમુનાજીમાં ન્હાઇએ છીએ.  ભોગ ધરાવીએ છીએ અને ત્રિકમજી અમારી સાથે છે.''



પિતાનાં મનને શાંતિ થઇ કે ચાલો યાત્રામાં ગયો છે. ભાગ્યો તો નથી. બાવો તો નથી થયો. પિતાએ મોટા દીકરાને વાત કરી ''એને તું લઇ આવ યાત્રાએ ગયેલ સંઘ પાછો આવશે ને ત્રિકમજી પાછો નહીં આવે તો?''

આ તરફ યાત્રામાં બધાની સાથે હોવા છતાં એ અલગારી જીવ પોતાના ચિંતનમાં જ મગ્ન રહેતા હતા. બધાને દર્શન કરતાં, ભગવાનને ઝૂલાવતા અને ઝઘડતા જોતા હતા. બ્રાહ્મણો ને, પંડિતોને ભગવાનના નામે ઠગતા જોતા હતા. એટલે તેઓની સાથે રહેતા હોવા છતાં જગતથી દૂર હતા. શાંતિ કયાંય નથી. એમ વિચારતા હતા કે, 'ઘેરથી કોઇ તેડવા આવે તો ચાલ્યો જઉ.''

આ તરફ મોટાભાઇને ઘરેથી પિતાએ સમજાવ્યા હતા કે તું ત્રિકમજીને સમજાવી, પટાવીને લાવજે. ગુસ્સે થઇને વાત નહીં કરતો. પણ અહીં આવીને જોયું તો તેમને કાંઇ કરવાની જરૂરત જ નહીં દેખાઇ આશ્ચર્ય સાથે જોયું કે ત્રિકમજી કાંઇ પણ કહ્યા વગર જ સાથે આવવા તૈયાર હતા.

ઘરે આવ્યા પછી માતાને જે કરવું હતું એ કરીને જ રહ્યા. સારા ઘરની છોકરી જોઇને લગ્ન કરી દીધા. આ બાપુનાં જીવન નો પ્રથમ તબકકો કરી શકાય.



લગ્ન સામાન્ય રીતે તો સામાન્ય માણસ માટે બંધન રૂપ નીવડે છે. પણ પ્રભુનાં કૃપાપાત્ર લોકો માટે મુકિત દાયક હોય છે.